# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY 23 માટે પરિણામોની જાહેરાત કરી

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ આજે Q2 અને H1/ FY'23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. સ્ટેન્ડઅલોન પર્ફોમન્સ હાઇલાઇટ્સ: H1 FY2023ની તુલના H1 FY2022 • રૂ.૧૬૫૮ કરોડની આવક કામગીરીમાંથી, વાર્ષિક ધોરણે ૨૩% વૃદ્ધિ • EBITDA H1 FY2022 માં ૧૮૬ કરોડની સરખામણીમાં રૂ.૨૧૪ કરોડ •EBITDA માર્જિન FY2022 ના H1 માં ૧૩.૮૨% ની સરખામણીમાં ૧૨.૯૨% પર • PAT H1 FY2022 માં ૧૧૭ કરોડની તુલનાએ રૂ.૧૩૪ કરોડ રહ્યો કોન્સોલિડેટેડ પર્ફોમન્સ હાઇલાઇટ્સ: H1 FY2023ની તુલના H1 FY2022 • રૂ. ૧૮૩૬ કરોડની ઓપરેશન્સ દ્વારા આવક, વાર્ષિક ધોરણે ૨૧%ની વૃદ્ધિ •EBITDA H1 FY2022 માં ૧૯૮ કરોડની સરખમાણીએ રૂ. ૨૩૬ કરોડ • EBITDA માર્જિન FY2022 ના H1માં ૧૩.૦૨%ની સરખામણીમાં ૧૨.૮૬% પર • PAT H1 FY2022 માં ૧૨૪ કરોડની સરખામણીએ રૂ.૧૫૧ કરોડ નોંધાયો. પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ Q2 અને HY FY23 માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઇલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ઠ રહ્યાં હતા. કંપની તેના વ્યાપક મલ્ટીમોડલ નેટવર્ક, કસ્ટમાઇઝ્ડ સર્વિસ ઓફરિંગ, યોગ્ય ટેક્નોલોજી અને ઓટોમેશનમાં રોકાણ દ્વારા ઉચ્ચ વૃદ્ધિના સેગમેન્ટ્સને ટેપ કરવામાં અલગ સ્થાન ધરાવે છે. વધુમાં અગાઉ જાહેર કરાયેલ પીએમ ગતિ શક્તિ ફ્રેમવર્કની સાથે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિનો પ્રારંભ સીમલેસ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક કનેક્ટિવિટી તરફ આગળ વધવા તથા આપણા દેશના લોજિસ્ટિક્સને કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા માટે ડિજિટલાઇઝેશન અને સ્ટાન્ડર્ડાઇઝેશનમાં વધારો કરવા માટે નિમિત્ત બનશે. TCI વર્ષોથી મજબૂત વૃદ્ધિ માટે આ તમામ થીમ પર મજબૂત રોકાણ કરવાનું ચાલુ રાખે છે.